તલોદની સરકારી પ્રા.શાળાના ડામાડોમ વહિવટથી અસામાજિક તત્ત્વોની જમાવટ

તલોદ, તા.૪

તલોદના ભરચક વિસ્તારમાં આવેલી પ્રા.શાળા-૧ અને ૨ દાતાઓ દ્વારા અજબોની જમીન દાન પેટે આપી ગરીબ - આમ જનતા અને ઈત્તર કોમને શિક્ષણ જેવા હેતુથી નિરક્ષરતા દૂર કરવાના પ્રયાસો કર્યા હતા.જેના પર સરકારે વહિવટ કરતા આ શાળાના તમામ ઓરડા ભરચક બનાવ્યા હતા. મસમોટા બાળકોની સંખ્યાના ઘસારાથી શિક્ષણ સ્ટાફ પણ પૂરતો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શિક્ષણ વિભાગની લાપરવાહી અને તાલુકાની ડામાડોળ વહીવટી સરકારી આ શાળા ખોરંભે પડી છે. શનિ-રવિ અને જાહેર રજાના દિવસોમાં બેફામ બનેલા અસામાજિક તત્ત્વો દ્વારા દારૂ-જુગાર અને ખરાબ કૃત્યો જેવા બનાવોથી શાળાનાં તાળા-નકુચા અને બારી બારણાની સાથોસાથ ચોરીના બનાવો પણ દફતરે નોધાયા હોવાનું જાણવા મળેલ છે. બિલકુલ ઓછા સ્ટાફ અનિયમિત ગેરહાજરી અને મોટાભાગના સંખ્યા વગરના બંધ ઓરડાથી ડામાડોળ અને ગેરવહીવટની આ શાળા ચાડી ખાઈ રહી છે. બીડીઓ તથા સિગારેટ અને દારૂની ખાલી કોથળીઓ અંગ્રેજી શરાબના બાટલા, ચરસ-ગાંજો અને અફીણ જેવા માદક દ્રવ્યોની ગંદી વાસથી ભરસક વિસ્તારમાં બનેલી આ સરકારી શાળાનો વહીવટ ખોરંભે પડ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા શિષ્યવૃત્તિથી માંડી ચોપડીઓ ડ્રેસ અનેક સુવિધાથી પણ શાલા સંચાલકના વહીવટથી કેટલાક બાળકો વંચિત રહ્યા છે. નાના ભૂલકાઓને કચરો સાફ કરાવવો, મુતરડી સાફ કરાવવી, ઘરકામ માટે બાળકોનો ઉપયોગ કરતા શાળા સ્ટાફથી વાલીગણમાં રોષ પણ વ્યાપ્યો છે. પ્રધાનમંત્રી નિરક્ષરતા દૂર કરવા શિક્ષણ વિભાગ પાછળ મસમોટી રકમ ખર્ચે છે. જયારે સરકારી શાળા બાળકો વગર મોટું નુકશાનકર્તા શાળાના વહીવટમાં સુધારો કરવા આ વિસ્તારના કેટલાક રહિશો દ્વારા એક સુરથી માંગ ઉઠવા પામી છે.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તરીકે વરૂણકુમાર બરનવાલે ચાર્જ સંભાળ્યો

પાલનપુર તા.૪

ગુજરાત સરકારે તાજેતરમાં આઈએએસ અધિકારીઓની બદલીનો રાઉન્ડ લેતા બનાસકાંઠા જિલ્લાના નવ નિયુક્ત કલેક્ટર તરીકે વરૂણકુમાર બરનવાલે ચાર્જ સંભાળી લીધો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,વર્ષ- ૨૦૧૪ની બેચના IAS અધિકારી વરૂણકુમાર બરનવાલ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના બોઈસરના વતની છે. અને MIT કોલેજ પૂણેથી એન્જીનિયરીંગનો અભ્યાસ કરેલો છે.બનાસકાંઠા કલેક્ટર વરૂણ બરનવાલે આ અગાઉ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં સેવાઓ આપી છે. તેમણે મદદનીશ કલેક્ટર ઝઘડીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભાવનગર, રિજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ રાજકોટ અને PGVCL ના મેનેજીંગ ડિરેક્ટર તરીકે પ્રશસંનીય સેવાઓ આપી છે. વરૂણકુમાર બરનવાલનું બનાસકાંઠા કલેક્ટર તરીકે આગમન થતાં અધિકારીઓએ તેમને આવકાર્યા હતા.

મેશ્વો નદીના કિનારે ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડી બેઠેલા ૬ શકુનિઓને મોડાસા ટાઉન પોલીસે દબોચી લીધા

મોડાસા, તા. ૪ અરવલ્લી

જીલ્લા પોલીસવડા સંજય ખરાતે જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા ગુન્હેગારો સામે શખ્ત કાર્યવાહી કરવા જીલ્લા પોલીસતંત્રને કડક સૂચના આપવામાં આવતા જીલ્લા પોલીસતંત્રે બુટલેગરો અને જુગારીઓ પર તવાઈ બોલવી છે જુગારીઓ પણ પોલીસને થાપ આપવા અવનવા નુસ્ખા અપનાવી રહ્યા છે મોડાસા ટાઉન પોલીસે રાવળવાસ નજીક પસાર થતી મેશ્વો નદીના પટમાં જુગાર રમતા ૬ જુગારીઓને ૪ હજારથી વધુની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

મોડાસા ટાઉન પીઆઈ ડી.કે.વાઘેલા અને તેમની ટીમે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતા રાવળવાસ નજીક મેશ્વો નદીના પટની ખુલ્લી જગ્યામાં શકુનિયો જુગાર રમતા હોવાની બાતમી મળતા તાબડતોડ રેડ કરી સમગ્ર વિસ્તાર કોર્ડન કરી હારજીતની બાજી માંડી બેઠેલા ૧)બાદલ વિનોદ રામી (રહે,માળીવાડા),૨) યુનુસ ગુલામ મોહમ્મદ વ્હોરા (રહે,ધોબીઢાળ),૩) નરેન્દ્ર રસિક જયસ્વાલ (રહે,ખત્રીવાડા), ૪) વિજય મુકેશ રાવળ (રહે,રાવળવાસ-ખત્રીવાડા),૫)સતીષ સીતારામ ભોઈ (રહે,ભોઈવાડા) અને ૬)ચિરાગ વિનોદ રામી (રહે,માળીવાડ)ને ઝડપી પાડી હારજીતની બાજી પર લગાવેલ અને અંગજડતી મળી કુલ રૂ.૪૩૫૦/- નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ સામે જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પોલીસ કાફલા સાથે ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયું

ખેડબ્રહ્માના મંજીપુરામાં પરવાનગી વગરનું ચર્ચ તોડી પડાયું

પ્રાંત અધિકારીના આદેશ પછી ટી.ડી.ઓ. સાથે ટીમ ડિમોલેશન માટે પહોંચી

બાયડ તા.૦૪

ખેડબ્રહ્મા તાલુકાના મંજીપુરા ગામે પરવાનગી વગર ગેરકાયદેસર ચર્ચ ઉભું થતાં આદિવાસી હિત રક્ષા સેના તેમજ ધર્મ જાગરણ વિભાગ ગાંધીનગર દ્વારા ચર્ચનું બાંધકામ અટકાવવા માટે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પછી તંત્ર એક્શનમાં આવ્યું અને પ્રાંત અધિકારીના આદેશ પછી ખેડબ્રહ્મા ટી.ડી.ઓ.એ ગેરકાયદે બાંધકામ જે.સી.બી.થી ધરાશાયી કરાવ્યું હતું. જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ગેરકાયદેસર ચર્ચ ઉભાં કરી પ્રાર્થનાના નામે ભોળા આદિવાસીઓને ભરમાવી ધર્મ પરીવર્તન કરવામાં આવતું હોવાની ઘણા સમયથી ફરિયાદો ઉઠી હતી. ખાસ કરીને ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિઓ સામે શંકાઓ ઉભી થઈ છે. જેમાં ખેડબ્રહ્મા તાલુકાના મંજીપુરા ગ્રામ પંચાયતના તાબામાં મિશનરીઓ દ્વારા ગેરકાયદેસર રીતે ચર્ચ ઉભું કરવામાં આવતાં હિન્દુ સંગઠનો ચોંકી ઉઠ્યા હતા. સ્થાનિક ગ્રામ પંચાયતની રજા ચિઠ્ઠી ઉપરાંત સરકારી તંત્રની અન્ય કોઈ પરવાનગી વગર ચર્ચ તાંણી બાંધવામાં આવી રહ્યાની ઠોસ જાણકારીના આધારે આદિવાસી હિતરક્ષા સેના તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ધર્મ જાગરણ વિભાગ-ગાંધીનગર દ્વારા કાર્યકરોને સાથે રાખી ચર્ચ આગળ વિરોધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો. દરમ્યાન કોઈપણ ભોગે ચર્ચનું બાંધકામ અટકાવવા માટે સંગઠનો દ્વારા ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી એમ.યુ.શાહને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં આદિવાસી જનજાતિના લોકોને શામ, દામ અને દંડની નીતિથી ધર્માન્તરીત કરવાના આશય સાથે ચર્ચનું બાંધકામ થયાના ગંભીર આક્ષેપ કરવામાં આવતાં આખરે પ્રાંત અધિકારી દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા પછી ચર્ચના બાંધકામમાં સ્થાનિક ગ્રામ પંચાયતની મંજૂરી વગર ચર્ચનું બાંધકામ થયું હોવાથી દૂર કરવા માટે સૂચના આપવામાં આવતાં તા. ના રોજ ખેડબ્રહ્મા પોલીસના બંદોબસ્ત સાથે સ્થાનિક ગ્રામ પંચાયત સહિત જવાબદાર તંત્રએ ચર્ચનું બાંધકામ તોડી પાડયું હતું.

પરવાનગી વગરનું ગેરકાયદે બાંધકામ દૂર કરાયું

- તાલુકા વિકાસ અધિકારી

ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારી એમ.આઈ.પટેલે જણાવ્યું કે મંજીપુરા ગામમાં ગેરકાયદે બાંધકામ થયાની ફરિયાદ મળી હતી જેની તપાસમાં તથ્ય જણાયા પછી થયેલા આદેશ અનુસાર ગેરકાયદે બાંધકામ દૂર કરવામાં આવ્યું છે.

ગેરકાયદે ચર્ચ બાંધી ધર્મ પરીવર્તનની મેલી મંછા

- આદિવાસી હિતરક્ષા સેના

આદિવાસી વિસ્તારોમાં ગેરકાયદેસર ચર્ચ બાંધી પ્રાર્થના નામે ભોળા આદિવાસીઓને ધર્મ પરીવર્તનથી વટલાવવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો વચ્ચે મંજીપુરા ગામે તંત્રએ પરવાનગી વગર ઉભું કરવામાં આવેલ ચર્ચ તોડી પાડ્યું છે ત્યારે આદિવાસી હિતરક્ષા સેનાના પ્રમુખ રુમાલભાઈ ધ્રાંગીએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ખ્રિસ્તીઓની સંખ્યા ન હોવા છતાં કોઈપણ પ્રકારની મંજુરી વગર ચર્ચ બાંધવા પાછળ ધર્મ પરીવર્તનની મિશનરીઓની મેલી મંછા રહેલી છે. આવેદન આપ્યા પછી તંત્રએ તપાસ કરી ચર્ચનું ગેરકાયદે બાંધકામ દૂર કરાવતાં હિન્દુ સંગઠનોની માંગ સંતોષાઈ હોવાનું જણાવ્યું હતું.

તલોદમાં જૈન સોશિયલ ગ્રુપના પ્રમુખ તરીકે પ્રણય શાહની વરણી

તલોદ, તા.૪

તલોદમાં આવેલી દિગમ્બર જૈન સમાજવાડીમાં મહાવીર જન્મજયંતિના શુભ દિવસે ચારેય પંથી જૈન સમાજ દ્વારા મોટી સંખ્યામાં હાજરીમાં પ્રણય ચિનુભાઈ શાહ (ભોલાભાઈ)ની પ્રમુખ તરીકે બિન હરિફ સર્વાનુમતી બે વર્ષની મુદ્દતથી જૈન સોશિયલ ગ્રુપના પ્રમુખ તરીકે બહુમાન અને મોમેન્ટો સાથે વરણી કરવામાં આવી હતી. જેને સમગ્ર જૈન સમાજ દ્વારા વધાવી લઈ નવી બોડીની રચના અંગે જવાબદારી વધાવી લઈ નવી બોડીની રચના અંગે જવાબદારી સોંપી કાર્યભાર સંભાળ્યો હતો. જેને પ્રણય શાહે સમગ્ર સમાજનો આભાર વ્યક્ત કરતા સમાજની પ્રગતિ અને ઉત્થાન માટે સતત કાર્યશીલ રહેવા ખાત્રી આપી હતી.

પ્રાંતિજ સમસ્ત જૈન સમાજ દ્વારા મહાવીર જયંતિ અંતર્ગત પાંજરાપોળમાં પશુઓને ચારો નાખ્યો

રેલી સ્વરૂપે નિકળી અબોલા પશુઓને ચારો નાખ્યો : જૈન દેરાસરમાં પૂજા અર્ચના અને સમુહ સ્નાન પૂજા યોજાઈ

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત જૈન સમાજ દ્વારા મહાવીર જન્મ જયંતિ અંતર્ગત ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ સમસ્ત જૈન સમાજ ના લોકોએ ભગવાન મહાવીર સ્વામી ની ૨૬૨૨ મી જન્મ જયંતિ ની ઉજવણી ધામધૂમ થી કરી હતી પ્રાંતિજ જૈન શ્વેતાંબર, સ્થાનકવાસી તેમજ દિગમ્બર જૈન સમાજ એમ સમસ્ત જૈન સમાજ ના ધર્મ પ્રેમી લોકોએ ભગવાન મહાવીર સ્વામી ના જન્મોત્સવ અંતર્ગત વહેલી સવાર થી જ પૂજા અર્ચના અને સ્નાત્ર પુજાનુ આયોજન કર્યુ હતુ લાલ દરવાજા વિસ્તાર માં આવેલ ધર્મનાથ જિનાલય પાસે સમાજ ના તમામ ભાઈ-બહેનો એકત્રિત થઈ ને રેલી સ્વરૂપે ધાર્મિક નારા ઉચ્ચારતા ભાંખરીયા વિસ્તાર માં આવેલ પાંજરા પોળ સુધી આવ્યા હતા અને પાંજરા પોળમા રહેતા અબોલ પશુઓ ને ધાસચારો , લીલા શાકભાજી તેમજ કોબીજ તેમજ દુધી નીરીને પ્રશુ પ્રશુપેમ વ્યક્ત કર્યો હતો અહિંસા સતમાર્ગે ચાલનાર જૈન સમાજ ના લોકોએ ભગવાન મહાવીર સ્વામી ની ૨૬૨૨ મી જન્મ જયંતિ પ્રસંગે દાન-પુણ્ય અને ભક્તિ ભાવમાં દિવસ પસાર કર્યો હતો પ્રાંતિજ નગરમાં આમતો જૈન સમાજ ની સારી એવી વસ્તી હતી પરતુ સમય જતા હવે તેમના બાળકો ના વધુ અને સારા અભ્યાસ માટે સ્થળાંતર કરીને ગાંધીનગર કે અમદાવાદ મુકામે મોટા ભાગના જૈન સમાજ ના લોકો જઈ ને વસ્યા છે જેના કારણે હવે પ્રાંતિજ માં જૈન સમાજ ની વસ્તી સિમિત દેખાય છે દરેક ધાર્મિક તહેવારો માં તમામ લોકો એકત્રિત થઈ ને ઉત્સવ ની ઉજવણી કરતા નજરે પડે છે પાંજરા પોળમાં રહેતી ગાયો અને પશુઓને તહેવારના કારણે સારો ખોરાક મળી ગયો હતો.

ડીસા માર્કેટયાર્ડમાં તમાકુના ભાવ ન મળતા ખેડૂતોનો હોબાળો

સેક્રેટરીની મધ્યસ્થી બાદ હરાજી ફરી શરૂ થઈ

ડીસા, તા. ૪

માર્ચ એન્ડિંગના વેકેશન બાદ ડીસા માર્કેટયાર્ડ ફરી રાબેતા મુજબ ધમધમતું થયું છે. ત્યારે માર્કેટયાર્ડમાં આવેલા તમાકુ શેડમાં આ સીઝનની તમાકુની પ્રથમ હરાજી શરૂ થઈ હતી. જોકે ગત વર્ષે ખેડૂતોને પ્રતિ મણ તમાકુના ૧૪૦૦ થી ૧૫૦૦ રૂપિયાનો સરેરાશ ભાવ મળ્યો હતો. ત્યારે આ વખતે હરાજીની શરૂઆતના પ્રથમ દિવસે માત્ર રૂ. ૭૦૦ પ્રતિ મણના ભાવથી શરૂ થતા ખેડૂતોએ હલ્લાબોલ કર્યો હતો અને હરાજી અટકાવી દીધી હતી. ત્યારબાદ ખેડૂતોનું મોટું ટોળું ડીસા માર્કેટયાર્ડ કચેરીનો ઘેરાવ કરી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ખેડૂત આગેવાન દિનેશ ચૌધરી અને અમરતભાઈએ જણાવ્યું હતું કે, આ વર્ષે વારંવાર માવઠા અને કમોસમી વરસાદના કારણે તમાકુનો પાક મોટાભાગે નષ્ટ થયો છે. અમુક ખેડૂતોએ માંડ માંડ બચાવીને તમાકુ માર્કેટયાર્ડ ભેગી કરી છે. ત્યારે વેપારીઓએ ખેડૂતોનું શોષણ કરવાનું મન બનાવી લીધું હોય તેમ માત્ર રૂ. ૭૦૦ થી હરાજી શરૂ કરી છે. રૂ. ૭૦૦ માં અત્યારે એક જોડી કપડાં પણ આવતા નથી. આ વર્ષે વારંવાર હવામાન પલટાતા તમાકુનો પાક ઉછેરતા ઉછેરતા ખેડૂતોને આંખે અંધારા આવી ગયા હતા. તેમજ ખૂબ જ મોટો ખર્ચ થયો છે, ત્યારે ખેડૂતોને પોષણક્ષમ ભાવ સરકારે આપવા જોઈએ તેવી માગ કરી ખેડૂતોએ સરકાર વિરોધી પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી એ.એન. જોશીએ ખેડૂતોને રૂ. ૧,૦૦૦ ના ભાવથી હરાજીની શરૂઆત કરવાની ખાતરી આપી હતી. ત્યારબાદ હરાજીનું કામ પૂનઃ શરૂ થયું હતું.

તલોદ તાલુકાના મહિયલ ખાતે આવેલ બહેરા મૂંગા સ્કુલ ખાતે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો

તલોદ તા. ૪

વિશ્વ ઓરલ માસની ઉજવણી ના ભાગરૂપે તલોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા તલોદ તાલુકાના મહિયલ ખાતે આવેલ શ્રી જે બી ઉપાધ્યાય બહેરા મૂંગા સ્કુલ ખાતે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

આ અંગે માહિતી આપતા તલોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ના અધિક્ષક ડો જતીન પટેલે જણાવ્યુ હતું કે રાજ્ય સરકાર ના વિશ્વ ઓરલ માસ અભિયાન અંતર્ગત ૨૦ માર્ચ ૨૦૨૩ થી ૨૦ એપ્રિલ ૨૦૨૩ સુધી આરોગ્ય ને લગતા વિવિધ પ્રકારના નેશનલ ઓરલ હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત કરવાના થતા હોઈ મહિયલ ખાતે આવેલ જેબી ઉપાધ્યાય બહેરા મૂંગા સ્કુલ માં ધો એકથી નવ માં અભ્યાસ કરતા ૧૦૦ ઉપરાંત બાળકોને મોઢાના સ્વાસ્થ્ય અંગે ની સમજ આપી બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી આ પ્રસંગે તલોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ના અધિક્ષક ડો જતીન પટેલ, દાંત ના રોગ ના નિષ્ણાત ડો અલ્પેશ ભાઈ નાયી બાળરોગ નિષ્ણાત ડૉ અનીશ ભાઈ સોન્સ તથા શાળાના આચાર્ય ચિરાગ ભાઈ જોષી તથા શિક્ષક ગણ ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો

અહોર્ આશ્ચર્યમ્ - અરવલ્લીમાં કલેક્ટર તરીકે નિયુક્ત તમામ અધિકારીઓના વડોદરા કનેક્શન

વડોદરા રીજનલ મ્યુનિ.કમિશ્નર અરવલ્લી કલેક્ટર તરીકે નિયુક્ત

બાયડ તા.૪

નવરચિત અરવલ્લી જિલ્લામાં અનેક બાબતો આશ્ચર્ય પ્રેરક બની રહી છે. અરવલ્લી જિલ્લામાં પાછલા ૩ કલેક્ટરની નિયુક્તિ પર નજર કરવામાં આવે તો તમામ અધિકારીઓના વડોદરા કનેક્શન જોડાયેલા છે. વડોદરા રીજનલ મ્યુનિ. કમિશ્નર તરીકે ફરજ બજાવતા પ્રસસ્તિ પરીખ અરવલ્લી કલેક્ટર તરીકે નિયુક્ત થતાં જિલ્લામાં ફરી એકવાર શાલીની અગ્રવાલ પછી બીજા મહિલા કલેક્ટરની નિયુક્તિ થઈ છે. રાજ્ય સરકાર દ્વારા નવા જિલ્લા જાહેર કરાયા તેમના સર્વાંગી વિકાસમાં રુચિ રાખે તેવા આઈ.એ.એસ. કેડરના અધિકારીઓની નિયુક્તિની કાળજી રાખવામાં આવે છે. અગાઉ વડોદરા અર્બન ડેવલપમેન્ટમાં ફરજ બજાવતા અમૃતેશ ઔરાંગાબાદકરની અરવલ્લી જિલ્લા કલેક્ટર તરીકે નિયુક્તિ કરાઈ હતી ત્યાર પછી વડોદરા અર્બન ડેવલપમેન્ટ સી.ઈ.એ. તરીકે કામગીરી કરનાર ડૉ. નરેન્દ્રકુમાર મીનાની ગત જૂન-૨૦૨૧માં અરવલ્લી કલેક્ટર તરીકે નિયુક્તિ થઈ અને ગત રોજ રાજ્ય સરકારે ૧૦૯ આઈ.એ.એસ. અધિકારીઓની બદલીના આદેશ કર્યા તેમાં મહિલા અધિકારીને અરવલ્લી કલેક્ટર તરીકે નિયુક્તિ થતાં આ તમામ અધિકારીઓએ અગાઉ વડોદરામાં કામગીરી કર્યાની જાણકારી સામે આવી છે.

પ્રાંતિજના પોગલુ ખાતે રામદેવજી મંદિરનો છઠ્ઠો પાટોત્સવ રંગે ચંગે ઉજવ્યો

યજ્ઞ, શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા : ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પોગલુ ખાતે રામદેવજી મંદિર નો છઠ્ઠો પાટોત્સવ રંગે ચંગે ઉજવાયો. પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ રામજી મંદિર ખાતે મંદિરનો છઠ્ઠો પાટોત્સવ ઉજવાયો હતો જેમા શોભાયાત્રા, યજ્ઞ, પૂર્ણાહુતિ, નેજા સહિત વગેરે ધાર્મિક કાર્યકમો યોજાયા હતા જેમા ભુદેવો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કરાવતા આખુંય વાતાવરણ ભક્તિમય બની ગયુ હતુ અને ભક્તિ ના રંગે રગાયુ હતુ તો મુખ્ય યજમાન તરીકે સ્વ પુંજાબા તથા છગનસિંહ મોતિસિંહ મકવાણા સહ પરિવાર દ્વારા ધાર્મિક લાભ લીધો હતો આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તેમજ આમંત્રિત મહેમાનો ગ્રામજનો ઉપસ્થિત રહી ને દર્શન નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી તો પાટોત્સવ ને સફર બનાવવા માટે રામદેવજી મહારાજ ધામ અને સમસ્ત ક્ષત્રિય સમાજ દ્વારા જહેમત ઉઠાવવામા આવી હતી.